# ૧૭ નવે. જલિયાવાલા કરતા ક્રૂર ગુજરાત સરહદે થયેલ હત્યાકાંડ

ગુજરાત-રાજસ્થાન સરહદે જલિયાવાલા બાગમાં થયેલ હત્યા કરતા પણ વધારે બીભત્સ હત્યાકાંડ માનગઢ નામની ટેકરી પર આજથી ૧૦૫ વર્ષ પહેલા ૧૭મી નવેમ્બર ૧૯૧૩માં થયેલ. આ હત્યાકાંડમાં ૧૫૦૭ જેટલા આદિવાસીઓ-ભીલોને અંગ્રેજો દ્વારા મારી નાખવામાં આવેલ. આ હત્યાકાંડ જલિયાવાલા બાગ કરતા પણ વધારે મોટો હતો. પણ તેની નોધ ઇતિહાસમાં જેટલી લેવાવી જોઈએ તેટલી લેવાઈ નથી. આજે પણ ગુજરાત કે રાજસ્થાનના મોટાભાગના લોકો આ હત્યાકાંડ વિષે જનતા નથી.

જલિયાવાલા હત્યાકાંડ ૧૩ એપ્રિલ ૧૯૧૯માં થયેલ. જેમાં જલિયાવાલા બાગમાં જ આપેલ સૂચી મુજબ ૩૮૮ વ્યક્તિઓના મૃત્યુ થયા હતા. પણ એ પૂર્વે છ વર્ષ અગાઉ ૧૯૧૩માં તેનાથી પણ વધારે બર્બર હત્યાકાંડ ગુજરાત-રાજસ્થાન સરહદ પર થયેલ. પણ એની એટલી નોધ લેવાઈ નથી, જેટલી જલિયાવાલા બાગ ની નોધ લેવાઈ છે.. અરવલ્લી પર્વતમાળાની આ માનગઢ ટેકરી પર ૧૭ નવેમ્બર ૧૯૧૩ માં અંગ્રેજોના જુલ્મો સિતમ સામે ગોવિંદ ગુરુના નેતૃત્વમાં થયેલ સશસ્ત્ર ક્રાંતિમાં ૧૫૦૭ જેટલા દેશભક્ત ભીલો શહીદ થયેલ.

ભીલોના નેતા અને સમાજસુધારક ગોવિંદ ગુરુના નેતૃત્વમાં એ દિવસે માનગઢ ટેકરી પર આદિવાસી સ્ત્રી-પુરુષો એકઠા થયેલા. ગોવિંદ ગુરુ રાજસ્થાનના ડુંગરપુર જીલ્લાના વેદસા ગામના વતની હતા. તેઓ વણજારા સમુદાયના હતા. તેમનો જન્મ ૨૦ ડીસેમ્બર ૧૮૫૮મ થયેલ. તેમણે ભીલ સમુદાયને જાગૃત અને સમૃદ્ધ કરવા માટે ‘ ભગત આંદોલન’ ચલાવ્યું હતું. જેમાં ભીલોએ શાકાહારી બનવાનું હતું અને દરેક પ્રકારના માદક પદાર્થોથી દૂર રહેવાનું હતું.

બાંસવાડા, ડુંગરપુર અને પંચમહાલ વિસ્તારના રહેવાસી પાસેથી મૌખિક ચર્ચા દ્વારા મળેલ માહિતી મુજબ ગોવિંદ ગુરુથી પ્રેરાઈને ભીલોએ અંગ્રેજોની દમનકારી નીતિઓનો વિરોધ કર્યો હતો. ઉપરાંત બાંસવાડા, સંતરામપુર, ડુંગરપુર અને કુશળગઢના રજવાડાઓ દ્વારા બળજબરીથી કરાવતી મજૂરી સામે પણ અવાજ ઉઠાવ્યો હતો. તે નરસંહારમાં માર્યા ગયેલા લોકોના વંશજ આજે પણ તે દિવસની ઘટનાને યાદ કરી ઘણી માહિતી આપે છે. એક ભાઈએ જણાવેલ કે, જયારે અંગ્રેજો તેમને સમજાવી ના શક્યા અને ભીલોએ ટેકરી ખાલી કરવા માટે ઇનકાર કર્યો ત્યારે ગોળીબાર શરૂ કરવામાં આવેલો. આ બર્બર ગોળીબાર ત્યારે બંધ કરેલો જયારે એક અંગ્રેજે જોયું કે, એક ભીલ સ્ત્રી મરી ગઈ હતી અને તેનું બાળક તેને ચોંટીને સ્તનપાન કરતું હતું. આ હત્યાકાંડનું નેતૃત્વ કર્યું હતું અંગ્રેજ અફસર મેજર એસ.બેલી અને કેપ્ટન ઈ.સ્ટાઇલીએ.

આ હત્યાકાંડ માટે અંગ્રેજોએ ખચ્ચરો પર તોપ જેવી બંદૂક બાંધી હતી અને ખચ્ચરોને ગોળગોળ દોડાવતા હતા જેથી વધુમાં વધુ લોકોને મારી શકાય. આ હત્યાકાંડમાં ઘણા લોકો ગોળી વાગવાથી મૃત્યુ પામ્યા હતા અને જેઓ બચવા માટે ભાગતા હતા તેઓ અંધારામાં પહાડ પરથી લપસીને પડીને પણ મૃત્યુ પામ્યા હતા. જે તે સમયે આ હત્યાકાંડથી ભીલોમાં એવો ડર પેસી ગયેલો કે તેઓ આઝાદી મળી એ પછી પણ માનગઢ ટેકરી પર જતા પણ ડરતા હતા.

‘ભગત આંદોલન’ ને મજબૂત કરવા ગોવિંદ ગુરુએ સંપ સભા નામનું એક સામાજિક –ધાર્મિક સંગઠન બનાવ્યું હતું. જેની મોટાભાગના ગામમાં શાખાઓ હતી. ગોવિંદ ગુરુએ આ આંદોલન ૧૮૯૦ ના દસકામાં શરુ કરેલ. જેમાં અગ્નિને દેવ – ભગવાનના પ્રતિક તરીકે સ્વીકારવામાં આવેલ. તેમના અનુયાયીઓ આ અગ્નિની સામે ઉભા રહીને પૂજા અને હવન કરતા હતા. તથા આ માધ્યમ દ્વારા એકબીજાને મળીને એકતા સ્થાપિત કરી, વ્યસનો, દુરાચાર, કુરિવાજો દૂર કરી વિદેશી વસ્તુનો બહિસ્કાર કરી, શિક્ષણ, સદાચાર અને સાદગી સાથે સાદું સરળ જીવન જીવીને, અપ્રઘોથી દૂર રહેવા માટે લોકોને જાગૃત કર્યા. ગોવિંદ ગુરુએ ૧૯૦૩માં માનગઢ ટેકરી પર પોતાની ધૂની લગાવી હતી. તેમના માર્ગદર્શન નીચે ભીલોએ ૧૯૧૦માં અંગ્રેજો સામે ૩૩ માંગણી મૂકી હતી. જેમાં મુખ્ય માંગણીઓ એ હતી કે, અંગ્રેજો અને રજવાડા દ્વારા કરાવવામાં આવતી મજૂરી, લગાવવામાં આવતો ભારે કર અને ગોવિંદ ગુરુના અનુયાયીઓ પર

કરવામાં આવતા અત્યાચાર બંધ કરાવવામાં આવે. અંગ્રેજો અને રજવાડાઓ દ્વારા જયારે આ માંગણીઓ સ્વીકારવામાં ના આવી ત્યારે ગોવિંદ ગુરુના નેતૃત્વમાં સંઘર્ષ શરુ કરેલો. હત્યાકાંડના એક માસ પહેલા હજારો ભીલોએ માનગઢ ટેકરી પર કબજો કરેલો અને અંગ્રેજો સામે લડવાના સોગંધ લીધા હતા. એ વખતે એક ગીત ભીલો ગાતા હતા કે, ' ઓં ભૂરેતીય નઈ માનુ રે, નઈ માનુ' ( ઓં અંગ્રેજો અમે ઝૂકીશું નહિ, તમારી સામે)

એવું કહેવાય છે કે, આ સંઘર્ષની પ્રથમ ઘટના સંતરામપુરના પોલીસથાના પર કરેલા હુમલામાં એક પોલીસ ઇન્સ્પેકટરનું મોત થયું હતું. આ ઘટના પછી બાંસવાડા, સંતરામપુર, ડુંગરપુર અને કુશલગઢ ઉપરાંત ગુજરાત અને મધ્યપ્રદેશના કેટલાક વિસ્તારમાં ગોવિંદ ગુરુના સમર્થકોની તાકાત વધવા લાગી. જેથી અંગ્રેજો અને રજવાડાઓને લાગ્યું કે આ આંદોલનને કચડી નાંખવું જ પડશે. જેથી ભીલોને માનગઢ ટેકરી ૧૫ નવેમ્બર ૧૯૧૩ સુધીમાં ખાલી કરવાની છેલ્લી ચેતવણી આપવામાં આવી. પરંતુ ભીલોએ તેનો અસ્વીકાર કર્યો. ભીલોએ માનગઢ ટેકરી પર દેશી તમંચા અને તલવારો સાથે કબજો જમાવી દીધો હતો. એવું કહેવાય છે કે, ભીલોને તેમના ગુરૂ ગોવિંદ પર આધ્યાત્મિક એવો વિશ્વાસ હતો કે, અંગ્રેજોની ગોળીઓ ભમરી-માંખીઓ બની જશે. જે માન્યતા ખોટી પડી અને ૧૫૦૦ થી વધુની હત્યા થઇ.. ત્યારબાદ પણ ૯૦૦ જેટલા ભીલ ટેકરી ખાલી કરવા તૈયાર નહતા. જેમની ધરપકડ કરવામાં આવેલ.

ગોવિંદ ગુરુને પગમાં ગોળી વાગેલ. પછી તેમને પકડી લેવામાં આવેલ અને અમદાવાદ તથા સંતરામપુર જેલમાં રાખેલ. ત્યારબાદ તેમની પર કેસ ચલાવવામાં આવેલ, શરૂઆતમાં તેમને ફાંસીની સજા આપેલી, પણ તે સજામાં ફેરફાર કરી તેમને  આજીવન જેલવાસની સજા કરવામાં આવેલ. તેમની લોકપ્રિયતા અને સારા વ્યવહારને કારણે તેમને ૧૨ જુલાઈ ૧૯૨૩માં છોડી મૂકવામાં આવેલ, પરંતુ તેમના સમર્થકોના વિસ્તારમાં જવા પર પ્રતિબંધ મૂકવામાં આવેલ. એ સમયે તેઓ દાહોદના મીરાખેડી આશ્રમ- ભીલ સેવા મંડલ પર કેટલાક વર્ષો રહ્યા હતા. અને ત્યાં રહીને આદિવાસી સમુદાયના સમાજ સુધારા માટે પ્રયત્નો કરતા રહેલા. ત્યારબાદ પંચમહાલમાં  તેઓ ગુજરાતમાં પંચમહાલ જીલ્લાના લીમડીની નજીક કમ્બોઈમાં આવીને રહ્યા હતા અને ૩૦ ઓક્ટોબર ૧૯૩૧મા તેમનો સ્વર્ગવાસ થયો. તેમને ગુજરાતે અનેક રીતે શ્રદ્ધાજલિ આપી છે, તેમની એક છે પંચમહાલમાં શરુ થયેલ યુનિવર્સીટીનું નામ ગોવિંદ ગુરુ આપવામાં આવેલ છે.

માનગઢ હિલ પર ૨૦૧૩માં એ સમયના ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ૬૩મો વનમહોત્સવ ઉજવ્યો હતો. તે સમયે જ તેમણે જણાવેલ કે, આવતા વર્ષે એટલે કે, ૨૦૧૩માં આદિવાસીઓના મહાનાયક શ્રી ગોવિંદ ગુરુ સ્મૃતિ વનનું નિર્માણ કરીને તથા  આદિવાસીઓની શહીદી શતાબ્દી ગુજરાત મનાવશે. ગુજરાત સરકારે ૧૯૧૩માં આ ઘટનાને સો વર્ષ પૂરા થયા તે નિમિત્તે માનગઢ ટેકરી પર ગોવિંદ ગુરુના પ્રપૌત્રનું તે વખતના ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સન્માન કરવામાં આવેલ. આ ઉદ્દઘાટન કાર્યક્રમમાં ૮૦૦૦૦ થી વધુ ભીલોએ ભાગ લીધેલો. આ જગ્યા પર ગોવિંદ ગુરુના નામથી બોટેનીક્લ ગાર્ડન બનાવવામાં આવ્યો છે. ઉપરાંત રાજસ્થાન સરકાર દ્વારા અહી એક ખુબ જ મોટું સુંદર અદભૂત સ્મારક પણ બનાવવામાં આવ્યું છે. ગુજરાત અને રાજસ્થાન બન્નેમાં સમાવેશ થતો હોય તેવી આ ટેકરી અત્યારે પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર બની ગઈ  છે. આ સ્થળ ગુજરાતના સંતરામપુરથી ૪૫ કિમી ના અંતરે છે. અદભૂત અદભૂત અદભૂત છે. ત્યાં જવાથી મુલાકાતીનું મન બદલાઈ જાય છે. એકવાર મુલાકાત લેવી જ જોઈએ. સાથે ગોવિંદ ગુરુ વિશે વધુ જાણવાનો પ્રયત્ન પણ કરવો જોઈએ.